# જેહાલત (અજ્ઞાનતા)

હઝરત અલી(અ.સ.)એ પોતાના ફરઝંદ ઈમામ હસન(અ.સ.)ને પૂછયું "બેટા! જેહાલત શું છે?"

તેઓએ જવાબ આપ્યો "ફુરસત મળવા પહેલા ઉતાવળ કરીને કોઇ કામમાં કુદી પડવું (વાત પુરી થયા પહેલાજ સમજયા વિચાર્યા વગર જવાબ આપી દેવો) અને (જયાં જવાબની ખબર હોય અને તે જવાબ આપવો યોગ્ય હોય ત્યાં) જવાબ ન આપવો."

અઝીઝો! જેહાલત ખૂબજ ખરાબ બાબત છે જેના માટે હદીસોમાં છે કે

"જેહાલત મૌત છે. સુસ્તી, ફુરસદને ખોઇ નાખવા સમાન છે ઇન્સાનની જેહાલત તેના શરીરને બીમારી કરતાં પણ વધારે નુકસાનકારક છે."

હઝરત રસૂલેખુદા(સ.અ.વ.) ફરમાવે છે "ખુદાવંદે આલમે જેહાલતને કયારેય પણ ઇઝ્ઝત આપી નથી."

જેહાલત સરકશ ઘોડા સમાન છે, જે તેના ઉપર સવાર થયો તે તેના ઉપરથી ગબડી પડયો.

હદીસો અને કુરઆનમાં જેહાલતની ખૂબજ મઝીમ્મત કરવામાં આવી છે. જેહાલત ઇલ્મનો વિરૂધ્ધાર્થી શબ્દ છે. જેવી રીતે ઇલ્મ ધરાવનારને આલીમ કહેવાય છે એવી જ રીતે જેહાલત ઇન્સાનને જાહીલ બનાવે છે.

## * જાહીલ કોણ હોય છે ?

૧) જાહીલ એ હોય છે જે ઈલ્મની માઅરેફતથી બેખબર હોવા છતાં પોતાને આલીમ સમજે અને ફકત પોતાના અભિપ્રાયને પૂરતો સમજે.

૨) આ રીતે તે હંમેશા આલીમોથી દૂર રહે છે અને આલીમોના ઐબને શોધ્યા કરે છે.

૩) જે તેની વાતને ન માને તેને ભૂલ ભરેલો સમજે છે.

૪) સંજોગો અને પરિસ્થિતિથી અજાણ એવા લોકોને ગુમરાહ કરતો રહે છે.

૫) જયારે તેની પાસે તે ન જાણતો હોય તેવી કોઈ વાત આવે છે ત્યારે તેનો ઈન્કાર કરી દે છે, અને તેને જૂઠલાવે છે.

૬) તે હંમેશા પોતાની જેહાલતને કારણે સંદેહયુક્ત અભિપ્રાયોને જ ફાયદાકારક સમજે છે.

૭) હકનો ઈન્કાર કરતો રહે છે.

૮) લઝ્ઝતો અને ઝીદના કારણે બહાદુરી દેખાડે છે અને ઈલ્મ મેળવવાની વાત પ્રત્યે તકબ્બુર દર્શાવે છે.

*- હઝરત અલી(અ.સ.), મિઝાનુલ હિકમત ભાગ-૨*

અલ્લાહ તઆલા કુરઆને મજીદના સૂરએ અઅરાફ આ.૧૯૯માં ફરમાવે છે "અય રસૂલ! ક્ષમા આપવાનો ગુણ ધારણ કર તથા નેક કાર્યો કરવાની આજ્ઞા કર તથા જાહીલો તરફથી મોઢું ફેરવી લે."

અલ્લાહ તઆલા કુરઆને મજીદમાં જાહીલોથી સંબંધ ન રાખવાનો હુકમ આપે છે. કારણ કે

- જાહીલ મુર્દા છે ભલે પછી તે ચાલતો ફરતો હોય છે.
- જાહીલ ન તો પોતાની ઉણપને સમજે છે અને ન તો નસીહત કરનારની વાતને કબૂલ કરે છે.
- જાહીલ ખુદાની નાફરમાની કરે છે ભલે પછી તે દેખાવમાં ગમે તેટલો ખૂબસુરત અને શાન ધરાવતો હોય.

** જાહીલ અને આલીમને દર્શાવતી અમુક હદીસોઃ*

૧) આલીમ એ હોય છે જે પોતાના વ્યવહારનું રક્ષણ કરે છે અને જાહીલ એ હોય છે જે પોતાની કદ્રને ઓળખતો નથી.

૨) અકલમંદ ઈન્સાન પોતાના કાર્યો ઉપર ભરોસો કરે છે અને જાહીલ પોતાની આરઝુઓ ઉપર આશા રાખીને બેસી રહે છે.

૩) આલીમ પોતાના દિલ અને વિચારથી જુએ છે અને જાહીલ પોતાની આંખો અને બાહ્ય દ્રષ્ટીથી જુએ છે.

જાહીલની એક આદત એ છે કે તે (વાત)ને સાંભળ્યા પહેલા જ જવાબ આપી દેવાનું શરૂ કરી દે છે. વાતને સમજયા પહેલા ઝગડવાનું શરૂ કરી દે છે અને ઈલ્મ ન હોવા છતાં ફેંસલો કરે છે. *– ઈમામ જઅફર સાદીક (અ.સ.)*

આપ(સ.અ.વ.)ને જાહીલના લક્ષણો વિશે સવાલ કરવામાં આવ્યો ત્યારે આપે ફરમાવ્યું “જો તમે તેની સાથે સંબંધ રાખો તો તમને મુશ્કેલીમાં મૂકી દે. જો તેનાથી દૂર રહો તો

તમને ગાળો આપે, જો તે તમને કાંઇ આપે તો તમારા ઉપર એહસાન દેખાડે અને જો તમે તેને કાંઇ આપો તો તેને ઓછું સમજીને તમારી ખુબીનો સ્વીકાર ન કરે. જો તમે તેને કોઇ રહસ્યની વાત કરો તો તે તમારી સાથે એ બાબતમાં ખ્યાનત કરે.'' *(હદીસનો એક ભાગ) -તોહફુલ ઉકુલ*

### * સૌથી વધારે જાહીલ ઈન્સાન કોણ છે ?

સૌથી વધારે જાહીલ એ માણસ છે જે ખુશામત (વખાણ) કરનાર (ચાપલુસ)ના ફરેબમાં આવી જાય જે તેના માટે ખરાબ વાતોને સારી બનાવીને રજુ કરતા હોય અને તેના ભલુ ઇચ્છનાર લોકો માટે તેના દીલમાં દુશ્મની નાખતા હોય.

- સૌથી મોટી જેહાલત એ છે કે ઈન્સાન પોતાની જેહાલતથી વાકેફ ન હોય.

- સૌથી વધારે જાહીલ માણસ પોતાની ખરાબીઓથી પણ સંતુષ્ઠ રહેતો હોય છે. જયારે કે સૌથી વધારે અક્કલમંદ માણસ પોતાની નેકીઓથી પણ ડરતો રહે છે. *(બે. અન્વાર)*

### * જેહાલત માટે એટલું જ પૂરતું છે :

- જે કાંઇ તમે જાણો છો તે બધુ કહી ન નાખો. નહીતર તમારી જેહાલત માટે એજ પૂરતું હશે.

- ઈન્સાનની જેહાલત માટે આટલું જ પૂરતું છે કે તે મનાઇ કરવામાં આવેલા કામોને કરતો રહે.

- જે પોતાના ઈલ્મ માટે ગર્વ કરતા હોય તે તેની જેહાલત માટે પૂરતું છે.

અઝીઝો! આ પ્રકરણને વાંચ્યા બાદ આપણે જરૂર આપણી જાત તરફ નજર કરીએ કે શું આ જેહાલત આપણામાં છે? આમાંની કઇ હદીસ આપણને લાગુ પડે છે? ત્યારબાદ આપણી ઈસ્લાહ કરીએ કંઈક એવું ન બને કે આ જેહાલતના કારણે આપણા ઝમાનાના ઈમામ(અ.સ.) આપણાથી મોઢું ફેરવી લે. (કુરઆને મજીદના સૂરએ અઅરાફ આ.૧૯૯ મુજબ) અને આપણે ગુમરાહ થઇ જઇએ.

### * જેહાલતથી બચવા શું કરવું ?

હઝરત અલી(અ.સ.) ફરમાવે છે **“બંદો જયારે કોઇ બાબતથી જાહીલ હોય છે પછી તેની જાણકારી મેળવી લે તો પછી ન તેનો ઈન્કાર કરે અને ન કુફ્ર કરે.”** *(બે. અન્વાર)*

તો અઝીઝો હદીસ પ્રમાણે જેહાલતથી બચવા માટે આપણે દરેકે ઇલ્મ હાંસિલ કરતા રહેવું જોઇએ અને એટલે જ કહેવામાં આવ્યું છે કે ઘોડીયાથી કબ્ર સુધી ઇલ્મ હાંસિલ કરો.

આવો! અલ્લાહ તઆલા પાસે દુઆ કરીએ કે અલ્લાહ આપણને એ ઝમાનો જલ્દી અતા કરે જયારે આપણા ઈમામ આપણને ઇલ્મ આપી રહયા હોય.

પ્રકાશક : હાજીનાજી મેમોરિયલ ટ્રસ્ટ
વેબસાઇટ : www.hajinaji.com ઇમેલ : hajinajitrust@gmail.com